# શહેર-જિલ્લામાં વધુ ૧૩ કેસ નોંધાયા

**રાજ્ય સરકારની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનો પોઝિટિવના વધુ ૧૩ કેસ નોંધાયા છે જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાની યાદીમાં ૨ અને જિલ્લા વહીવટી તંત્રની યાદીમાં ૩ કોરોના પોઝિટિવ નોંધાયા હોવાનું દર્શાવાયું છે : જ્યારે પ્રાપ્ત વિગતો મુજબ શહેર-જિલ્લામાં ૭ પોઝિટિવ કેસ હોવાનું જાણવા મળ્યું છે : રાજ્ય આરોગ્ય વિભાગ અને જિલ્લાના તંત્ર વચ્ચે સંકલનના અભાવે સાચી વિગતો સમયસર પ્રજા સુધી પહોંચતી નથી**

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ પાંચ કેસ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૫ કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને લઈને તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાંથી ૩ અને ગાંધીનગર તાલુકામાંથી બે કેસ મળી આવેલ છે. જેમાં બે મહિલા દર્દી હોવાનુ જાણવા મળેલ છે. કલોલ અર્બનમાંથી ૧ તો ગ્રામ્યમાંથી બે કેસ મળ્યા હોવાનુ જાણવા મળેલ છે.

આ પાંચ દર્દીઓ પૈકી એક દર્દી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના વાસણ ગામેથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. વાસણ ગામની આ મહિલા છેલ્લા એક માસથી અન્ય બિમારીને કારણે તેણીના પિયર પેથાપુર ખાતે રહે છે. જેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે.

તંત્ર દ્વારા પેથાપુર ખાતે દર્દીના રહેઠાણ ખાતે જરૂરી કાર્યવાહી કરી વાસણ ખાતેની તેણીના નિવાસસ્થાને કામગીરી હાથ ધરી હોવાનુ જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકાના વલાદ ખાતેથી પણ એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી અન્ય બિમારીને પગલે એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલ હતો. ત્યાંથી સારૂ થતાં વલાદ ગામે પરત આવેલ. આ પછી તેના નમુના લેવામાં આવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે અને હાલ તે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

કલોલ અર્બનમાં આવેલ વર્ધમાન નગરમાંથી એક દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને શરદી કફની બિમારી હતી અને તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જ્યાં તેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. હાલ આ દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના બાલવા ગામે એક દંપતિનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

તંત્રએ આ દંપતિને પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હોવાનું જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા બાલવા ખાતે પાંચ પરિવારજનો સહિત ૧૦૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા હોવાનું જાણવા મળેલ છે.

જ્યારે કલોલ વર્ધમાન નગર ખાતેથી મળેલ દર્દીના પરિવારના ૪ સભ્યો સહિત ૧૧૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા હોવાનું જાણવા મળેલ છે.

## શહેરમાં વધુ બે કોરોના કેસ

**બોરીજ અને સે. ૨૬ માંથી કેસ મળી આવ્યા**

**શહેરમાં કોરોનાના દર્દીની સંખ્યા ૯૯ થઈ**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ બે પોઝીટીવ કેસ મળતાં શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૯ પર પહોંચી છે.

નોંધાયેલા બે કેસમાં એક મહિલા અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આ બન્ને દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ મનપામાં આશા વર્કર તરીકે કામ કરતી મહિલા કર્મીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તે અગાઉ કોરોના પોઝીટીવ તરીકે નોંધાયેલ મલ્ટી પરપઝ હેલ્થ વર્કરના સંપર્કમાં આવતાં તેણીનીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી આ બીજો કેસ મળી આવ્યો છે. અગાઉ એક કેસ ધોળાકુવા ગામેથી મળી આવ્યો હતો.

મળતી વિગતો મુજબ આ આશા વર્કરના પરિવારના ૪ સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ખસેડવામાં આવ્યા છે. તંત્ર દ્વારા તેના ઘર તેમજ આસપાસના વિસ્તારોમાં સેનીટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

તંત્રએ બોરીજ ગામમાં આ આશાવર્કરના

● અનુસંધાન પાન-૭ પર



ખાણી પીણી ઉદ્યોગમાં છૂટછાટ મળી નથી. શહેરનું ખાણી-પીણી માર્કેટ છેલ્લા ઘણા દિવસોથી બંધ છે. જો કે ટૂંક સમયમાં તે શરૂ થઈ શકે તેવા સંકેતો છે. ઘ-૫ની ચોપાટી છેલ્લા ઘણા દિવસોથી બંધ હોવાથી અહીં ખૂબ જ ગંદકી જોવા મળી રહી છે. પાણી ભરાવવાના કરણે અહીં ઉભા રહેવાય તેવીય સ્થિતિ નથી. ખાણી પીણી બજાર શરૂ થાય તે પહેલા અહીંથી ગંદકી દૂર થાય તે જરૂરી છે.

## આજથી સચિવાલય ધમધમશે

ગાંધીનગર, તા. ૩૦

અનલોક-૧ના પ્રારંભે સોમવારથી સચિવાલય પુનઃ ધમધમતુ થશે. લગભગ બે મહિના જેટલા સમયગાળા બાદ સચિવાલયની તમામ ઓફિસો પૂર્ણ સ્ટાફ સાથે ચાલુ થઈ જશે. મંત્રીઓ અને ધારાસભ્યો પણ પોતપોતાની કચેરીમાં કાર્યરત થઈ જશે.

કોરોનાની મહામારી વચ્ચે છેલ્લા બે મહિનાથી બંધ સચિવાલય સોમવારથી ધમધમતુ થઈ જશે. લોકડાઉન-૪ પૂર્ણ થયા બાદ વધુ કેટલીક છૂટછાટ આપવામાં આવી રહી છે. જેના પગલે પાટનગર સ્થિત સચિવાલયને પુનઃ ધમધમતુ

**મંત્રીઓ-ધારાસભ્યો કચેરીમાં આવશે : અમુક નિયમોના પાલન સાથે મુલાકાતીઓને પ્રવેશ આપવાની શક્યતા : માસ્ક-સેનેટાઈઝર-સોશિયલ ડીસ્ટન્સીંગ ફરજીયાત**

કરવાનો નિર્ણય લેવાયો છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર સચિવાલય અને સ્વર્ણિમ સંકુલને પુનઃ ધમધમતુ કરવાની તૈયારીઓ થઈ ચૂકી છે. સામાન્ય વહીવટવિભાગે અન્ય વિભાગોને જાણ કરી સોમવારથી ફૂલ સ્ટાફ સાથે કચેરીઓમાં કામ શરૂ કરવા જણાવી દીધુ છે. જો કે કચેરીઓ શરૂ કરતા સમયે કેટલીક શરતો અને નિયમોનુ પાલન કરવાનુ રહેશે. કર્મચારીઓ અને અધિકારીઓએ માસ્કનો ઉપયોગ ફરજિયાત કરવાનો રહેશે. આ ઉપરાંત હેન્ડ સેનેટાઈઝરનો ઉપયોગ પણ ફરજિયાત કરવામાં આવ્યો છે. કર્મચારીઓએ સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન પણ અનિવાર્યપણે કરવાનુ રહેશે. મંત્રીઓ અને ધારાસભ્યો પણ સ્વર્ણિમ સંકુલમાં આવેલી તેમની કચેરીઓમાં કામ શરૂ કરશે. મહામારી અને લોકડાઉનના પગલે કેબીનેટની બેઠકો અત્યાર સુધી વીડિયો કોન્ફરન્સથી થતી હતી તે હવે શરૂ પુનઃ રાબેતા મુજબ મળશે. જો કે તેમાં પણ નિયમોનું પાલન કરવુ પડશે. મુલાકાતીઓ અને અરજદારોના પ્રવેશને પણ નિયંત્રિત કરવામાં આવશે.

સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે માટે બેઠક વ્યવસ્થા બદલવામાં આવશે તેવા પણ અહેવાલો મળ્યા છે. અનિવાર્ય હોય તો જ મીટીંગો બોલાવવી તેવી સૂચના પણ આપી દેવાઈ છે.

## આજથી એસટી બસ સેવા શરૂ કરાશે

**કર્મચારીઓ માટે ગાંધીનગર અમદાવાદ વચ્ચેની પોઇન્ટની બસ સેવા શરૂ કરાશે : મુસાફરોએ માસ્ક પહેરવા સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનુ પાલન ફરજિયાત કરવાનુ રહેશે : બસમાં ૫૦ ટકા મુસાફરો જ બેસાડાશે : રૂટમાં વચ્ચેથી મુસાફરો બેસાડવામાં નહી આવે : મુસાફરોનુ ટેમ્પરેચર ગનથી ચેકીંગ કરાશે : મુસાફરોએ ૧૫ મિનીટ પુર્વે જ પોઇન્ટ પર પહોંચવાનુ રહેશે**

ગાંધીનગર તા ૩૧

કોરોના કહેર વચ્ચે છેલ્લા ઘણાં સમયથી એસ ટી બસ સેવા તદન બંધ હતી. સરકારે લોકડાઉનમાં તબક્કાવાર છુટછાટ આપવાનો નિર્ણય લેતા આજથી સચિવાલય સહીત વિવિધ સરકારી કચેરીઓ પણ ધમધમતી થશે જેને અનુલક્ષીને ગાંધીનગર અમદાવાદ વચ્ચેની પોઈન્ટ બસ સેવા પણ તા ૧ જુનથી શરૂ કરી દેવાશે. જયારે પોઈન્ટ બસ સેવા અન્વયે બસમાં માત્ર ૫૦ ટકા મુસાફરો જ લેવાશે જયારે બસ રૂટમાં વચ્ચેથી મુસાફરોને બેસાડશે નહીં જયારે મુસાફરોએ ૧૫ મિનિટ પહેલા પોઈન્ટ પર આવવાનુ રહેશે જયાં ટેમ્પરેચરગનથી ચેકીંગ કરાશે.મુસાફરોએ માસ્ક પહેરવાનુ રહેશે કોઈપણ મુસાફરને બસમાં ઉભા રહેવા દેવાશે નહીં.

કોરનાના કહેર વચ્ચે લોકડાઉનની સ્થિતિમાં છેલ્લા બે મહીનાથી ખાનગી અને સરકારી બસ સેવા ઠપ્પ થઈ ગઈ હતી. રાજયમાં વેપાર ધંધા અને ઉદ્યોગોને પણ તાળા વાગી ગયા હતા. જયારે લોકડાઉનના આગળ જતા ફેઈઝમાં સરકાર દ્વારા ધીમે ધીમે છુટછાટ આપવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર ડેપોને પ્રતિદિન ૫ લાખના બદલે હાલ માત્ર અઢી હજારની આવક...!!

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા સવા બે મહીનાથી સુનકાર છવાયેલો હતો જો કે થોડા દિવસો અગાઉ જિલ્લામાં આંતરિક બસ સેવા શરૂ થતા શહેર જિલ્લાના માર્ગો પર એસ ટી બસ દોડતી જોવા મળી હતી. કોરોનાના કહેર વચ્ચે અપાયેલા લોકડાઉન દરમિયાન બે મહીના સુધી એસ ટી બસના પૈડા થંભી જતા એસ ટી નિગમને પણ કરોડો રૂપિયાનુ નુકશાન થયુ છે. જયારે ગાંધીનગર ડેપોએ પણ રોજની લાખોની આવક ગુમાવી છે. લોકડાઉન પુર્વે એસ ટી ડેપોને પ્રતિદિન અંદાજિત ૪ થી ૫ લાખની આવક થતી હતી જયારે આજે જિલ્લાની નામની બસ સેવાના લીધે માત્ર બે અઢી હજાર રૂપિયાની આવક માંડ થાય છે. જો કે હવે સરકારે એસ ટી સેવા શરૂ કરવાનો નિર્ણય લેતા એસ ટી નિગમની ગાડી પૈડા પર ચઢી જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## ...તો તને મેડીકલમાં ભણવા જ ન મૂકત : કોરોના વૉરિયર્સની માતા

**છેલ્લા અઢી મહિનાથી કોરોનાની ડ્યુટીના કારણે સેક્ટર-૭ ના પોતાના ઘરે ન આવેલી તબીબ યુવતિના મમ્મી તેને વારંવાર રાજીનામુ મૂકી ઘરે આવવા કહે છે : પરંતુ દર્દીઓની સેવાની અનન્ય ભાવના સાથે ડો. હીના પટેલ સોલા સિવિલમાં સતત પોતાની ફરજ બજાવી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૩૧

દરેક માતા-પિતાને તેમની દીકરી કે દીકરો ઉચ્ચ શિક્ષણ મેળવી ડૉક્ટર બને તેવી ઈચ્છા હોય છે પરંતુ હાલના કોરોના કાળમાં આવી ઈચ્છાઓનું ક્યાંય બાષ્પીભવન થઈ જાય. કોરોનાની મહામારી સમયે હોસ્પિટલોમાં ખરા અર્થમાં કોરોના વોરીયર્સ તરીકે ફરજ બજાવતા મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફના પરિવારજનો ચિંતામાં મુકાય તે સ્વાભાવિક છે. સેક્ટર-૭ માં રહેતા અને હાલમાં સોલા સિવિલ ખાતે રેસીડન્ટ ડૉક્ટર તરીકે ફરજ બજાવતા ડૉ. હીના પટેલના મમ્મી દીકરીની ખૂબ જ ચિંતા કરે છે અને વારંવાર કહે છે કે આ કોરોનાની મહામારીની જાણ હોત તો તને એમબીબીએસ કરવા જ ન દેત લાગણીમાં ખેંચાઈને તેઓ દીકરીને રાજીનામુ મુકીનો ઘરે આવી જવા પણ કહે છે પારંતુ કોરોના વોરીયર ડૉ. હીના પટેલ મક્કમપણે પોતાની ફરજ નીભાવી રહ્યા છે. અરે છેલ્લા અઢી મહિનાથી તો તેઓ ઘરે પણ આવ્યા નથી.






યુદ્ધ હોય ત્યારે સરહદ પર દુશ્મનોથી જંગ લડતા સૈનિકોની જેમ પરિવારજનોને ખૂબ જ ચિંતા હોય તેમ હાલમાં કોરોના કાળમાં હોસ્પિટલો અને

● અનુસંધાન પાન-૭ પર

## મર્સિડીઝ કાર અંબાપુર ગામના તળાવમાં ખાબકી

**ફાયર બ્રિગેડની ટીમે તળાવમાંથી કાર અને એક યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો : કારમાં એક યુવતી હોવાની પણ આશંકા : તળાવમાં શોધખોળ જારી**









ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર નજીક કોબા-અડાલજ રોડ પરથી બેફામ ગતિએ પસાર થઈ રહેલી લક્ઝુરિયસ કાર મર્સિડીઝ અચાનક અંબાપુર ગામના તળાવમાં ખાબકી ગઈ હતી. ગ્રામજનોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતા ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તળાવમાંથી કારચાલક યુવકનો મૃતદેહ શોધીને બહાર નીકળ્યો હતો. મોડી સાંજે તળાવમાંથી કાર પણ ફાયર બિગેડે બહાર નીકળી હતી. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ ગ્રામજનોના કહેવા મુજબ આ કારમાં એક યુવતી પણ હતી. જેના આધારે પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તળાવમાં હજુ શોધખોળ ચાલી રહી છે.

અડાલજ પોલીસ મથકના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આજે સમી સાંજે અંબાપુર ગામના તળાવમાં એક સફેદ રંગની મહારાષ્ટ્ર પાસિંગની મર્સિડીઝ કાર ખાબકી હતી. સડસડાટ જતી એમ.એચ.૦૪ ઈક્યુ ૨૪૦૦ નંબરની આ કાર એકાએક તળાવમાં ખાબકી હતી અને તળાવની અંદર ખૂંપી ગઈ હતી. અંબાપુર ગામના કેટલાક રહીશોએ આ ઘટના જોઈ હતી અને તેમને પણ કંપારી છૂટી ગઈ હતી. પ્રત્યક્ષદર્શી ગ્રામજનોએ તાત્કાલિક આ ઘટના અંગે ફાયર બ્રિગેડને જાણ કરતા ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને તળાવમાં શોધખોળ શરૂ કરીને કાર ચાલક યુવાનને મૃતદેહ બહાર નીકળ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

### મર્સિડીઝનું ટોપરૂફ તોડીને યુવાને તળાવમાંથી બહાર આવવા પ્રયાસો કર્યા પણ...

અંબાપુર તળાવમાં ઘૂસી ગયેલી મર્સિડીઝ કારમાં ઓટો લોક હોવાનું અનુમાન છે. કાર ચાલક યુવાને તળાવમાં ઘુસેલી કારમાંથી બહાર નીકળવા માટે અનેક પ્રયત્નો કર્યા પરંતુ કાર લોક હોવાથી બહાર નીકળી ન શકે હોવાની ધારણા છે આખરે તેણે કારનું ટોપરૂફ તોડી નાખ્યું હતું અને કારમાંથી બહાર પણ નીકળી ગયો હતો પરંતુ ત્યાં સુધીમાં ખુબ મોડું થઈ ગયું હતું અને તળાવમાં જ તેણે અંતિમ શ્વાસ લઈ લીધા હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. તો બીજી તરફ અડાલજ પોલીસે તળાવમાંથી બહાર નીકળેલી કારમાં તપાસ કરતા અંદરથી શાહપુર વિસ્તારના આનંદ ચંદ્રવદન મોદી નામના યુવાનના ડોક્યુમેન્ટ મળી આવતા આ મૃતક તે જ યુવાન છે કે કેમ તે અંગે શાહપુરમાં તપાસ કરવા એક ટીમ દોડાવી છે.

## પંચાયતમાં હવે મોબાઈલ એપ્લીકેશનથી કર્મચારીઓની હાજરી પ્રથા શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હવે મોબાઈલ એપ્લીકેશનથી કર્મચારીની આજથી હાજરી પ્રથા શરૂ કરવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરેલા પરિપત્ર મુજબ આ માટે દરેક કર્મચારીએ એક એપ્લીકેશન ડાઉનલોડ કરવાની રહેશે અને તેમાં આવેલ ક્યુઆર કોડના માધ્યમથી ઓફિસ આવવાનો સમય તે કોડ ખોલવાની સાથે હાજરી પુરાશે અને ઓફિસ છોડતી વેળાએ પણ આ એપ્લીકેશન ખોલી તેમાં આવેલ ક્યુઆર કોડ પર ટીક કરવાથી તે સમય નોંધાશે.

આ માટે દરેક શાખાધિકારીઓએ તેમની શાખાના કર્મચારીઓને આ એપ્લીકેશન ડાઉનલોડ કરાવવાની રહેશે તેમજ કર્મચારી તે ડાઉનલોડ કરી કે નહિ તે પણ મોનીટરીંગ કરવાનું રહેશે.

હાલ આ પ્રોજેક્ટ પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મુકવામાં આવ્યો હોવાનું પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. કોરોનાના સંક્રમણ પહેલાં બાયોમેટ્રીક પદ્ધતિથી હાજરી પૂરવામાં આવતી હતી હવે મોબાઈલ એપ્લીકેશનથી કર્મચારીની હાજરી પુરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આ પ્રોજેક્ટ સફળ થતાં જ જિલ્લાની અન્ય કચેરીઓમાં પણ આ પ્રોજેક્ટ અમલી બનાવવા માટે જિલ્લા વહીવટીતંત્ર આગળ વધશે તેમ જાણવા મળેલ છે. આજથી અનલોક-૧ તબક્કો શરૂ થઈ રહ્યો છે ત્યારે આ કર્મચારીઓની હાજરીની નવી પ્રથાનો અમલ પણ શરૂ થઈ રહ્યો છે તે યોગાનુયોગ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com